२०

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in

તાત્કાલીક

જીઆઇસી/અ-૩૯૯૨-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ

તા.-૩૧-૦૧-૨૦૨૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯,નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી ખુશાલ આર. વર્મા રહે, કુબેરનગર, અમદાવાદ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૨૯/૦૧/૨૦૨૫ નો હુકમ ક્રમાંક અ-૩૯૯૨-૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૨૯/૦૧/૨૦૨૫નો હુકમ ક્રમાંક અ-૩૯૯૨-૨૦૨૪ ની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

૩/૨/૨૫

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

અપીલ નં- અ-૩૯૯૨-૨૦૨૪

વિવાદી : શ્રી ખુશાલ આર વર્મા
ઘર નં.એ/૯,પુષ્પાનગર,
ભગવતી વિદ્યાલય પાસે, ભાર્ગવ રોડ,
કુબેરનગર, અમદાવાદ - ૩૮૨૩૪૦

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
વોર્ડ ઇન્પેકટર(ઇલે.વોર્ડ-૨૫ વિરાટનગર)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ, ચોથો માળ,
ડો.હરૂભાઈ મહેતા ભવન, ઝોનલ કચેરી, પુર્વ
ઝોન, વિરાટનગર ચાર રસ્તા, ને.હાઇવે
નં.૮,
અમદાવાદ - ૩૮૨૩૫૦

(૨) અપીલ સત્તાધિકારી
ડે.એસ્ટેટ ઓફિસર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન,પુર્વ ઝોન,
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ,ચોથો માળ,
હરૂભાઈ મહેતા ભવન, ઝોનલ કચેરી,
વિરાટનગર ચાર રસ્તા,
અમદાવાદ - ૩૮૨૩૫૦

<u>તા. ૨૯/૧/૨૦૨૫</u>
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૧૬/૦૧/૨૦૨૫
સુનાવણી માટેનુ સ્થળ : ગુજરાત માહિતી આયોગ
(૨)

(3) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-</u>

| ક્રમ | વિગત | : તારીખ |
|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : ૨૮/૦૫/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : ૨૫/૦૬/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | : ૨૬/૦૭/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : ૧૬/૦૮/૨૦૨૪ |
| (v) | બીજી અપીલ | : ૦૯/૦૯/૨૦૨૪ |
| (vi) | વિવાદીની રજૂઆત | : ૧૩/૦૧/૨૦૨૫ |
| (vii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : ૧૬/૧૨/૨૦૨૪ |
| (viii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : ૧૬/૧૨/૨૦૨૪ |

(૪) <u>સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-</u>

વિવાદી : શ્રી ખુશાલ આર વર્મા ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) શ્રી જીજ્ઞેશ શાહ, જાહેર માહિતી અધિકારી વોર્ડ ઇન્સ્પેકટર(ઇલે.વોર્ડ-૨૫વિરાટનગર), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ, પૂર્વઝોન, નિકોલ, અમદાવાદ આયોગ ખાતે

રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૨) પ્રથમ અપીલ સત્તાધિકારી અને ડેપ્યુટી એસ્ટેટ ઓફીસર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસ્ટેટ અને નગરપાલીકા, પૂર્વઝોન, અમદાવાદ વતી જીજ્ઞેશભાઇ પરમાર, આસી.ટી.ડી.ઓ. આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૫) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

આયોગ દ્વારા વિવાદીની લેખિત રજૂઆત ધ્યાને લેવામાં આવેલ છે.

આયોગ દ્વારા વિવાદીની લગભગ સમાન પ્રકારની જુદી જુદી કુલ ૨૨ બીજી અપીલની આજ રોજ યોજવામાં આવેલ સુનાવણી સંબંધમાં વિવાદી દ્વારા કોઇ વ્યાજબી કારણો દર્શાવ્યા સિવાય વાંધો દર્શાવીને જણાવેલ છે કે, તેઓની જુદી-જુદી અપીલની એક જ દિવસે સુનાવણી યોજવામાં ન આવે.

આ ઉપરાંત, વિવાદી દ્વારા કોઇ યોગ્ય કારણો દર્શાવ્યા સિવાય ચોકકસ રાજય માહિતી કમિશનર/રાજય મુખ્ય માહિતી કમિશનર સમક્ષ પોતાની અપીલની સુનાવણી નહીં કરવા પણ રજૂઆત કરવામાં આવેલ છે. વિવાદી દ્વારા આયોગ વિરૂદ્ધ પુરાવા સિવાય આક્ષેપો પણ કરવામાં આવેલ છે.

વિવાદીને જુદી જુદી તારીખે, અનેક વખત તેઓની રજૂઆત માટે આયોગ સમક્ષ ઉપસ્થિત રહેવું ન પડે, સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ અને સંબંધિત પ્રથમ અપીલ સત્તાધિકારીઓને પણ જુદી જુદી બીજી અપીલો સંબંધમાં જુદી જુદી તારીખે એટલે કે વારંવાર આયોગ સમક્ષ ઉપસ્થિત થવું ન પડે, આયોગ દ્વારા પણ સમાન પક્ષકારો અને સમાન બાબતો અંગેની જુદી જુદી અપીલોની વારંવાર જુદી જુદી તારીખે અને સમયે અપીલની સુનાવણી કરવી ન પડે, અન્ય અપીલકર્તાઓની અપીલની ઝડપથી સુનાવણી થઈ શકે

અને પરિણામે પડતર અપીલમાં ઝડપથી ઘટાડો થઈ શકે તેવી તમામ પક્ષકારોની ફાયદાકારક પરિસ્થિતિની વિચારણા કરીને, આયોગ દ્વારા વિવાદીની જુદી જુદી અપીલની એક જ દિવસે સુનાવણી યોજવાનું નિયત કરવામાં આવેલ છે.

આયોગને અનુભવે જણાયું છે કે, સમાન પ્રકારની જુદી જુદી અરજીઓ જ્યારે ન્યાયની અદાલતો સમક્ષ રજૂ થયેલી હોય છે ત્યારે, સુપ્રિમ કોર્ટ સહિતની વિવિધ અદાલતો દ્વારા ઝડપથી, સરળતાથી અને પક્ષકારોના રીસોર્સીસનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે હેતુસર, આ પ્રકારે એક સાથે અથવા સંયુક્ત સુનાવણી અનેક વખત યોજવામાં આવે છે.

વિવાદી તરફથી આયોગને વર્ષ-૨૦૨૪ અંતિત વર્ષવાર મળેલ કુલ બીજી અપીલ/ફરિયાદની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત બીજી અપીલ/ફરીયાદની વિભાગવાર સંખ્યા | | | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સિવાયના અન્ય જાહેર સત્તામંડળોને સંબંધિત બીજી અપીલ/ફરીયાદની સંખ્યા | કુલ મળેલ બીજી અપીલ/ફરીયાદ |
|---|---|---|---|---|---|
| | એસ્ટેટ વિભાગ | અન્ય વિભાગ | કુલ | | |
| 2006-07 | 0 | 3 | 3 | 2 | 5 |
| 2007-08 | 0 | 4 | 4 | 2 | 6 |
| 2008-09 | 4 | 1 | 5 | 4 | 9 |
| 2009-10 | 8 | 2 | 10 | 10 | 20 |
| 2010-11 | 5 | 8 | 13 | 19 | 32 |
| 2011-12 | 9 | 4 | 13 | 7 | 20 |
| 2012 | 6 | 4 | 10 | 0 | 10 |
| 2013 | 4 | 4 | 8 | 5 | 13 |
| 2014 | 21 | 6 | 27 | 8 | 35 |
| 2015 | 22 | 33 | 55 | 21 | 76 |
| 2016 | 45 | 4 | 49 | 18 | 67 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2017 | 17 | 3 | 20 | 10 | 30 |
| 2018 | 62 | 5 | 67 | 20 | 87 |
| 2019 | 26 | 3 | 29 | 8 | 37 |
| 2020 | 27 | 3 | 30 | 5 | 35 |
| 2021 | 115 | 30 | 145 | 58 | 203 |
| 2022 | 158 | 14 | 172 | 38 | 210 |
| 2023 | 130 | 9 | 139 | 20 | 159 |
| 2024 | 17 | 6 | 23 | 56 | 79 |
| Total | 676 | 146 | 822 | 311 | 1133 |
| Reject | | | | | 88 |
| Total | | | | | 1221 |
| Percentage | 60 | 13 | 73 | 27 | 100 |

ઉકત વિગતો જોતાં, જણાય છે કે વિવાદી દ્વારા વર્ષ-૨૦૨૪ સુંધીમાં કુલ-૧૨૨૧ બીજી અપીલ/ફરિયાદ આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. તે પૈકી આશરે ૬૭૬(૬૦%) બીજી અપીલ/ફરિયાદ માત્ર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગને લગતી છે. આજરોજ સુનાવણી માટે નિયત થયેલ તમામ બીજી અપીલ પણ એસ્ટેટ વિભાગને સંબંધિત છે.

સામાન્યતઃ/મહદ્અંશે વિવાદી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ પાસેથી ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ સંબંધમાં નીચે મુજબ માહિતી માંગવામાં આવે છે.

૧. માત્ર સમયગાળો દર્શાવીને જે તે વોર્ડમાં થયેલ ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ પરત્વે કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી,

૨. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ સંબંધમાં ૨૬૦(૧) અને ૨૬૦(૨) મુજબ આપવામા આવેલ નોટીસની માહિતી,

૩. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ દૂર કરવા માટે પોલીસ બંદોબસ્ત માટે પાઠવેલ યાદીની માહિતી,

૪. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ સંબંધમાં વસુલ કરેલ વહીવટી ફીની માહિતી,

૫. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામને સીલ કરેલ હોય તો, તેની માહિતી,

૬. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામના ટી.પી.એફ.પી., સર્વે નંબર, ક્ષેત્રફળ સહિતની માહિતી.

ઉકત વિગતો જોતા એ સ્પષ્ટ થાય છે કે, વિવાદીને કઇ ચોક્કસ મિલકતના ગેરકાયદેસર બાંધકામ અંગે માહિતી જોઇએ છે તે અંગે વિવાદીને જાણકારી નથી. વિવાદી દ્વારા માત્ર સમયગાળો દર્શાવીને, તે સમયગાળામાં ગેરકાયદેસર કોર્મશિયલ બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવે છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

- કલમ-૬(૧) : "આ અધિનિયમ હેઠળ કોઇ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઇલેકટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને........"
- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | જરૂરી માહિતીની ચોકકસ બાબતો/વિગતો(ટૂંકમાં) | જરૂરી માહિતીનો ચોકકસ સમયગાળો |
|---|---|---|

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

કલમ-૭(૯) : "સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય."

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઇએ નહીં.

વિવાદી દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઇઓ અનુસાર,તેઓને કોઇ માહિતી મળવાપાત્ર નથી. વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે અને તેથી જ કેટલાંક જાહેર માહિતી અધિકારી/પ્રથમ અપીલ સત્તાધિકારીઓ દ્વારા આ કારણોસર માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવેલ છે.આ ઉપરાંત, જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે તથા **genuine** અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

આમ છતાં, અત્યાર સુંધી આયોગ દ્વારા અધિનિયમની ભાવના, હેતુ અને જોગવાઇઓનો ઉદારતાપૂર્વક અમલ કરવાના હેતુથી જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓ સાથે પરામર્શ કરી, તેઓના કોમ્પ્યુટર ડેટામાં ઉપલબ્ધ માહિતીમાંથી તારવીને, માહિતી આપવાના અનેક હુકમો કરવામાં આવેલ છે, જે પૈકી કેટલીક અપીલના નંબરો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| અ-૩૭૫૮-૨૦૨૨ | અ-૫૯૩૮-૨૦૨૨ | અ-૦૫૧૫-૨૦૨૩ | અ-૦૯૦૫-૨૦૨૩ |
| અ-૫૯૩૨-૨૦૨૨ | અ-૫૯૩૯-૨૦૨૨ | અ-૦૫૧૬-૨૦૨૩ | અ-૦૯૦૮-૨૦૨૩ |
| અ-૫૯૩૩-૨૦૨૨ | અ-૬૦૩૨-૨૦૨૨ | અ-૦૫૮૦-૨૦૨૩ | અ-૧૨૯૯-૨૦૨૩ |
| અ-૫૯૩૪-૨૦૨૨ | અ-૬૦૪૦-૨૦૨૨ | અ-૦૫૮૨-૨૦૨૩ | અ-૧૩૦૦-૨૦૨૩ |
| અ-૫૯૩૫-૨૦૨૨ | અ-૬૨૫૬-૨૦૨૨ | અ-૦૫૮૩-૨૦૨૩ | અ-૧૩૦૨-૨૦૨૩ |
| અ-૫૯૩૬-૨૦૨૨ | અ-૦૫૧૩-૨૦૨૩ | અ-૦૯૦૩-૨૦૨૩ | અ-૧૩૦૩-૨૦૨૩ |
| અ-૫૯૩૭-૨૦૨૨ | અ-૦૫૧૪-૨૦૨૩ | અ-૦૯૦૪-૨૦૨૩ | |

આ ઉપરાંત, આયોગ દ્વારા વિવાદીને અનેક વખત સ્પષ્ટ ચેતવણી આપીને જણાવવામાં આવેલ છે કે, ભવિષ્યમાં તેઓ દ્વારા માહિતીની માંગણી કરતી વખતે અધિનિયમની કલમ-૬(૧) ની જોગવાઈઓ અનુસાર મિલકત અંગેની ચોક્કસ વિગતો દર્શાવીને, ગેરકાયદેસર બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતીની માંગણી કરવામાં આવે. માત્ર સમયગાળો દર્શાવીને માહિતીની માંગણી કરવાથી અને તે મુજબની માહિતી તારવીને/તૈયાર કરીને આપવાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થાય છે, તે બાબતો ધ્યાનમાં રાખવામાં આવે, આવા કેટલાક હુકમો સંબંધિત અપીલના નંબરો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| અ-૦૫૧૩-૨૦૨૩ | અ-૦૯૦૩-૨૦૨૩ | અ-૨૦૩૫-૨૦૨૩ | અ-૧૨૯૯-૨૦૨૩ |
| અ-૦૫૧૪-૨૦૨૩ | અ-૦૯૦૪-૨૦૨૩ | અ-૨૦૩૬-૨૦૨૩ | અ-૧૩૦૦-૨૦૨૩ |
| અ-૦૫૧૫-૨૦૨૩ | અ-૧૦૩૮-૨૦૨૩ | અ-૨૦૩૭-૨૦૨૩ | અ-૧૩૦૧-૨૦૨૩ |
| અ-૦૫૧૬-૨૦૨૩ | અ-૨૦૩૦-૨૦૨૩ | અ-૨૦૩૮-૨૦૨૩ | અ-૧૩૦૨-૨૦૨૩ |
| અ-૦૫૮૦-૨૦૨૩ | અ-૨૦૩૧-૨૦૨૩ | અ-૨૦૩૯-૨૦૨૩ | અ-૧૩૦૩-૨૦૨૩ |
| અ-૦૫૮૧-૨૦૨૩ | અ-૨૦૩૨-૨૦૨૩ | અ-૦૯૦૫-૨૦૨૩ | અ-૧૩૦૪-૨૦૨૩ |
| અ-૦૫૮૨-૨૦૨૩ | અ-૨૦૩૩-૨૦૨૩, | અ-૧૨૯૭-૨૦૨૩ | |
| અ-૦૫૮૩-૨૦૨૩ | અ-૨૦૩૪-૨૦૨૩ | અ-૧૨૯૮-૨૦૨૩ | |

વિવાદી દ્વારા જે પ્રકારે અનેક અરજીઓ અને અનેક બીજી અપીલ અન્વયે વિવિધ પ્રકારની માહિતીની માંગણી કરવામાં આવે છે તેની સમગ્રતાને ધ્યાનમાં લેવામાં આવે તો, તેઓ દ્વારા માંગવામાં આવેલ માહિતી આપવાથી, અધિનિયમની કલમ-૭(૯)ની જોગવાઈઓ અનુસાર જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવાની પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આથી, ઘણા જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ આ રીતે માંગવામાં આવેલ માહિતી

આપવા ઇન્કાર કરે છે. માત્ર આયોગની ઉદારતા અને પરામર્શના કારણે આયોગનું માન જાળવવા હેતુસર તેઓએ અત્યાર સુંધી સંમતિ દર્શાવીને, માહિતી આપેલ છે.

આયોગના અપીલ નં. અ-૧૪૮૦-૨૦૨૨ અને અન્ય અપીલમાં તા.03/08/૨૦૨૨ના સંયુક્ત હુકમમાં અને અપીલ નં.અ-૦૮૭૯-૨૦૨૨ અને અન્ય અપીલમાં તા.૦૬/૦૮/૨૦૨૨ના સંયુક્ત હુકમમાં નીચે મુજબ દર્શાવેલ છે.:

"વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવતી અનેક અરજીઓ, પ્રથમ અપીલો અને બીજી અપીલોના પ્રમાણને ધ્યાને લઇને, આયોગ દ્વારા વિવાદી સાથે પરામર્શ કરીને, તેઓને જોઇતી ચોક્કસ અને મર્યાદિત માહિતી માટે અને મર્યાદિત સંખ્યામાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવા જણાવવામાં આવતાં, વિવાદીએ તેનો સ્વીકાર કરેલ છે."

આમ છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં દર્શાવેલ છે કે..........

*"...અને ભરપૂર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદીત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે; અને લોકશાહી આદર્શની સર્વોપરીતા જાળવતી વખતે આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે..... તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઇ કરવી ઇષ્ટ છે...."*

અધિનિયમના આમુખમાં દર્શાવેલ "સંઘર્ષ"ની શકયતાઓ, 'સંવાદિતા સાધવાનો' વ્યકત થયેલ આદર્શ અને "અમુક" માહિતી પૂરી પાડવાના આદેશો ધ્યાને લઇને માહિતી આયોગે સર્વગ્રાહી વિચારણા કરીને, અધિનિયમની જોગવાઇઓમાં રજૂ થયેલ આદર્શો અને હેતુઓના પરિપ્રેક્ષ્યમાં અંત:કરણ અને

નિષ્ઠાપૂર્વક નિર્ણય લેવાનો રહે છે.

રાષ્ટ્રની સંસદ દ્વારા લોકશાહીના ઉચ્ચ આદર્શોને સિધ્ધ કરવાના હેતુથી ઘડવામાં આવેલ અધિનિયમનો અયોગ્ય/અતિ/અપ્રમાણસર ઉપયોગ પરત્વે આયોગ લાંબા સમય સુંધી મૌન રહી શકે નહીં.

વિવાદીની સમાન પ્રકારની અનેક અપીલ/ફરિયાદની પક્ષકારોના લાભાર્થે એક જ દિવસે કરવામાં આવતી સુનાવણી સામે પણ વિવાદીને વાંધો પડે છે અને તેથી તેઓ દ્વારા મર્યાદિત સંખ્યાની અપીલની જ પ્રત્યેક દિવસે સુનાવણી કરવાની માંગણી કરવામાં આવે છે. આયોગના આવા નિર્ણયો વિરૂધ્ધ વિવાદી દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ અરજીઓના નંબર નીચે મુજબ છે.

૧. એસ.સી.એ નં. ૧૭૮૨૬-2023
૨. એસ.સી.એ નં. ૧૯૧૦૮-૨૦23
૩. એસ.સી.એ નં. ૧૯૩૭૬-૨૦23
૪. એસ.સી.એ નં. ૧૯૫૫૩-૨૦23

રજૂ થયેલ પ્રસ્તુત અપીલને સંબંધિત હકીકતો અને નિર્ણય

વિવાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ ન હોવાથી, તેઓની લેખિત રજૂઆત ધ્યાને લઇને વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી અને જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસંધાને આપવાપાત્ર અને બાકી રહેતી માહિતી અંગે આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારી સાથે પ્રત્યેક મુદ્દા બાબતે પરામર્શ કરીને, ગુણદોષના આધારે નિર્ણય કરવામાં આવેલ છે અને તે અંગેની વિગતો નીચે મુજબ છે.

વિવાદીની માહિતીની માંગણી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૪ના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરની વિગતો ધ્યાને લઇ, ઉપલબ્ધ અને આપવાપાત્ર માહિતી સંબંધમાં ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારી સાથે પરામર્શ કરવામાં આવતા તેઓ જણાવે છે કે, વિરાટનગર વોર્ડમાં

શુભલક્ષ્મી એસ્ટેટ અસ્તિત્વ ધરાવતી નથી. જ્યારે, વિવાદી દ્વારા સુભાષ એસ્ટેટ અને પન્ના એસ્ટેટમાં બિનઅધિકૃત બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે. પરંતુ, વિવાદી દ્વારા જોઇતી માહિતીનો કોઇ સમયગાળો દર્શાવેલ નથી કે મિલકતની ઓળખ માટે જરૂરી વિગતો દર્શાવેલ નથી. આમ છતાં, આયોગના પરામર્શ અન્વયે જાહેર માહિતી અધિકારીએ સંબંધિત સુભાષ એસ્ટેટ અને પન્ના એસ્ટેટમાં ગેરકાયદેસર બાંધકામ સંબંધમાં ઉપલબ્ધ માહિતી માટે તેઓની કચેરીના રેકર્ડની ચકાસણી કરીને, વિવાદીને અરજીની તારીખથી છેલ્લા એક વર્ષમાં બિનઅધિકૃત બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી, આપવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, વિવાદીની અરજીની તારીખથી છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન વિરાટનગર વોર્ડમાં આવેલ સુભાષ એસ્ટેટ અને પન્ના એસ્ટેટમાં બિનઅધિકૃત બાંધકામ સંબંધમાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો, તેઓના રેકર્ડની ચકાસણી કરીને, આપવાપાત્ર માહિતી/પ્રત્યુત્તર આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૧૫માં વિવાદીને વિનામૂલ્યે આપવામાં આવે.

તે સિવાયના મુદ્દા ક્રમાંક-(૬), (૭), (૧૦) અને (૧૧) અન્વયે વિવાદી દ્વારા માત્ર સમયગાળો દર્શાવીને માહિતી માંગવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીની રજૂઆત અનુસાર, વિવાદી દ્વારા જે મુજબ માહિતી માંગવામાં આવેલ છે તે મુજબની સંકલિત માહિતી તેઓના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી તૈયાર કરીને આપવાની રહે છે અને માહિતી તૈયાર કરવી એ નવી માહિતી ક્રિયેટ(ઉભી) કરવા સમાન હોવાથી, ક્રિયેટ(ઉભી) કરીને માહિતી આપવાનો અધિનિયમમાં કોઇ મેન્ડેટ નથી. આથી, માંગણી મુજબની માહિતીની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

જાહેર માહિતી અધિકારીની ઉક્ત રજૂઆત અન્વયે મુદ્દા ક્રમાંક-(૬), (૭), (૧૦) અને (૧૧)ની માહિતી આપવાની માંગણી નીચેના કારણોસર ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

(૧) વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર,ચોકકસ મિલકતની વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવેલ નથી.

(૨) જે રીતે માહિતીની માંગણી કરવામાં આવેલ છે, તે રીતે માહિતી આપવાની રજૂઆત નવી માહિતી ક્રિયેટ(ઉભી) કરવા સમાન છે. આ પ્રકારે માહિતી આપવાનો અધિનિયમનો મેન્ડેટ નથી.

(૩) માહિતી અધિકાર હેઠળ પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અતિ/ અપ્રમાણસર ઉપયોગના કારણે જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે અને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૭(૯)ની જોગવાઈઓ અનુસાર જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થાય છે.

(૪) **Genuine** અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

(૫) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ માં કરવામાં આવેલ નીચે મુજબના અવલોકનોને ધ્યાને લેતા, માંગવામાં આવેલ માહિતી આપવા માટેના હુકમો કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

"Para-35 At this juncture, it is necessary to clear some misconceptions about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may access such information, subject to the

exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, the Act does not cast an obligation upon the public authority, to collect or collate such non available information and then furnish it to an applicant. A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be confused with any obligation under the RTI Act."

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing

information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."

જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતી/પ્રત્યુત્તર તથા રેકર્ડની ચકાસણી કરીને માહિતી/પ્રત્યુત્તર આપવા માટે સંમતિ દર્શાવેલ હોવાથી, જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને/અથવા કલમ-૨૦(૨) મુજબ કાર્યવાહી કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

પ્રથમ અપીલ સત્તાધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની અધિનિયમમાં કોઇ જોગવાઇ નહીં હોવાથી, તે માટે આયોગને કોઇ સત્તા પ્રાપ્ત થતી નથી.

વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઇને, વિવાદી દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો ઉપયોગ ન થાય તે માટેના ઉપાયો માટે વિચારણા કરવી જરૂરી જણાઇ છે.

(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો પ્રસ્તુત હુકમમાં અગાઉ દર્શાવવામાં આવેલ છે.

(૨) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs. Shaunak H. Satya & Ors)ના રોજ

આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે:

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોક્ત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(3) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા **W.P(C) No.845/2014**માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would

lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(૪) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાતું હોવાથી, વિવાદી દ્વારા યોગ્ય અને પ્રમાણસર માહિતીના અધિકારનો ઉપયોગ કરવામાં આવે તે માટે આયોગ દ્વારા વિવાદીને તેઓની અનેક અપીલો અન્વયે અનેક વખત જણાવવામાં આવેલ છે. આ બાબતે પ્રસ્તુત ચૂકાદામાં અગાઉ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૫) આમ છતાં, વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનુ ચાલુ રાખવામાં આવેલ છે. અપ્રમાણસર ઉપયોગને નિયત્રણમાં રાખવા માટે આયોગ દ્વારા ઉપર જણાવ્યા મુજબ કરવામાં આવેલ હુકમોના કારણે વિવાદીના કેટલાક હેતુઓ બર નહિ આવતા હોવાથી, વિવાદી દ્વારા કોઇપણ પુરાવા સિવાય આયોગ વિરૂદ્ધ આક્ષેપો કરવામાં આવે છે. વિવાદી દ્વારા કોઇ ચોક્કસ કમિશનર દ્વારા તેઓની અપીલની સુનાવણી કરવામાં ન આવે તેવી રજૂઆત પણ કરવામાં આવે છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(૬) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં

આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

(૭) એક દિવસે એકથી વધુ અપીલની સુનાવણી નહીં કરવાની વિવાદીની માંગણી સમજી શકાય તેવી નથી. અપીલકર્તા જાતે જ સુનાવણી અને નિર્ણય વિલંબિત કરવા માંગે છે, તે ધ્યાને લેવા યોગ્ય હકીકત છે.

(૮) અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં:

(૯) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૧૦) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "<u>ડીસમીસ્ડ</u>" કરવામાં આવેલ છે.

(૧૧) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને

અનિવાર્ય જણાય છે.

(૧૨) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૨૫(પચ્ચીસ) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૨૫ અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય! આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૨૫ અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૨૫ અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:</u>

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૨૫ અરજીઓ કરી શકાશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકાશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં.૩૯૯૨/૨૦૨૪ માં તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૨૫ પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .......... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૨૫ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૨૫ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગના સચિવને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

આયોગ દ્વારા રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૨૫ થી વધુ અરજી કરવામાં આવી હોય તો, તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

<u>ઉક્ત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.</u>

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર